ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા: ૮/૭/૨૦૧૪

પ્રતિ,
તંત્રીશ્રી
ભાવનગર.

## શ્રી આશુતોષ પ્રા. શાળાના વિધાર્થીઓએ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની કરેલી વિજ્ઞાન સફર

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વર્ષ દરમિયાન શહેર તથા ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓના વિજ્ઞાન વિષય આધારિત વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેના અંતર્ગત તા.૮ જુલાઈના રોજ શ્રી આશુતોષ પ્રા.શાળા, ઘોઘારોડ, ભાવનગરના વિધાર્થીઓ અને શિક્ષક મિત્રો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની મુલાકાતે આવેલ.

આ વિજ્ઞાન સફરમાં સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે તેઓને સંસ્થાનો પરિચય આપીને તેઓના અભ્યાસ ક્રમમાં આવતા વિજ્ઞાનના નિયમો અને સિધ્ધાંતોને સમજાવતા મોડેલની સરળ સમજૂતિ આપેલ. જેથી કરીને બાળકો રસપૂર્વક મોડેલને સમજે, નિહાળે અને તેઓના મનમાં જાગતા કુતુહલ અને જીજ્ઞાસા વૃતિ સંતોષાય. સંસ્થાની પ્રયોગશાળામાં વિધાર્થીઓએ સામુદ્રિક, સરીસૃપ, વિવિધ પક્ષીઓ અને જીવ–જંતુઓના નમૂના નિહાળીને માહિતી મેળવેલ.

આ ઉપરાંત વિધાર્થીઓએ સંસ્થાની લાઈબ્રેરી, ગણિતના મોડેલ અને ટેલિસ્કોપ શું છે ? તેની માહિતી મેળવેલ બ્રહ્માંડ દર્શન સ્લાઈડ શો દ્વારા પણ વિધાર્થીઓ ગ્રહોની માહિતી મેળવી શકે તે માટે બ્રહ્માંડ દર્શન સ્લાઈડ શો કાર્યક્રમ કરવામાં આવેલ. જેમાં સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે તેઓને વિવિધ ગ્રહો વિશે, સૂર્ય થી પૃથ્વી વચ્ચેનું અંતર, ઉલકાપાત શું છે ? કયારે અને કેવી રીતે થાય છે તેમજ આકાશ ગંગા વિશેની પૂર્ણ માહિતી આપેલ. સમગ્ર કાર્યક્રમમાં માર્ગદર્શન સંસ્થાના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડે આપેલ.

પ્રી.પ્રી.ત્રિવેદી
(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.